# કૃત્રિમ બુદ્ધિમત્તાની ભૂમિકા : સાવચેતી શા માટે જરૂરી છે?

કેન્સરથી મોટી જિંદગી

ડો. કૌશલ પટેલ

છેલ્લાં કેટલાંક વર્ષોમાં Artificial Intelligence - AI આરોગ્ય ક્ષેત્રમાં ખૂબ ચર્ચામાં આવી છે. અનેક જગ્યાએ એવું દર્શાવવામાં આવે છે કે AI કેન્સરના નિદાન અને સારવારમાં ક્રાંતિ લાવી દેશે પરંતુ હકીકત એ છે કે કેન્સર સારવાર માત્ર આંકડા અને અલ્ગોરિધમ પર આધારિત નથી. ઓન્કોલોજીમાં AI પર અતિશય નિર્ભરતા ગંભીર મર્યાદાઓ અને જોખમો ઊભાં કરી શકે છે. જેને સમજવું ખૂબ જરૂરી છે.



**કેન્સર માત્ર ડેટાનો રોગ નથી :**

કેન્સર સૌથી જટિલ રોગોમાંનો એક છે. દરેક દર્દી અલગ હોય છે - ઉંમર, શરીરની ક્ષમતા, જનીન, જીવનશૈલી, માનસિક સ્થિતિ, પરિવારનો આધાર અને આર્થિક પરિસ્થિતિ બધું જ અલગ હોય છે. AI મોટા ડેટા અને પેટર્ન પર કામ કરે છે પરંતુ વાસ્તવિક જીવનમાં કેન્સરના દર્દીઓ હંમેશાં પુસ્તકિયા નિયમો પ્રમાણે નથી ચાલતા.

ડૉક્ટર સામે બેઠેલા દર્દીના ડર, આશા, માનસિક બળ અને પસંદગીઓ AI સમજી શકતું નથી. આ બધાં પરિબળો સારવારની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**વાસ્તવિક વ્યક્તિગત સારવારનો અભાવ :**

AI વિશે એવું કહેવામાં આવે છે કે તે 'પર્સનલાઈઝડ' સારવાર આપે છે પરંતુ હકીકતમાં AI મોટે ભાગે માર્ગદર્શિકા, પ્રોટોકોલ અથવા સરેરાશ પરિણામો પર આધારિત સૂચનો આપે છે એટલે કે, તે મોટે ભાગે 'સરેરાશ દર્દી' માટે યોગ્ય હોય છે, ચોક્કસ દર્દી માટે નહીં.

ઓન્કોલોજી એ પ્રેક્ટિસથી શીખાતું વિજ્ઞાન છે. અનુભવી ડૉક્ટર દર્દી સારવાર પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપે છે, સાઈડ ઈફેક્ટસ કેટલી થાય છે અને સમય પ્રમાણે કેવી રીતે ફેરફાર કરવો તે સતત સમજતા જાય છે. AI પાસે આવી ક્લિનિકલ સમજ અને અનુભવ નથી.

**અલ્ગોરિધમમાં બાયસનો ખતરો :**

AI જે ડેટા પર ટ્રેન થાય છે તે જ તેના પરિણામ નક્કી કરે છે. જો આ ડેટા અપૂર્ણ હોય, ચોક્કસ દેશો અથવા વસ્તી જૂથ પર આધારિત હોય તો પરિણામ પણ ખોટું આવી શકે છે. ભારત જેવી વિવિધતાપૂર્ણ વસ્તીમાં જનીનિક બંધારણ, આહાર, પર્યાવરણ અને આરોગ્ય સુવિધાઓ અલગ હોય છે.

> **કેન્સર માત્ર શારીરિક રોગ નથી પણ માનસિક અને ભાવનાત્મક પડકાર પણ છે. દર્દી અને ડૉક્ટર વચ્ચેનો વિશ્વાસ સારવારની સફળતા માટે અત્યંત મહત્ત્વનો છે. આશ્વાસન આપવું, સાચી માહિતી સમજાવવી અને આશા જાળવવી - આ બધું AI કરી શકતું નથી**

ઓન્કોલોજીમાં નાની ભૂલ પણ ગંભીર પરિણામ લાવી શકે છે - અનાવશ્યક સારવાર, ખોટો અંદાજ અથવા ગંભીર સાઈડ ઈફેક્ટ્સ.

**ટેક્નોલોજી પર અતિશય આધાર ડૉક્ટરની વિચારશક્તિ કમજોર કરી શકે :**

જો AI પર વધુ આધાર રાખવામાં આવે તો, નવોદિત ડૉક્ટરો પોતાનો વિચાર ઓછો અને સ્ક્રીન પર વધુ વિશ્વાસ કરવાનું શરૂ કરી દે છે. ઓન્કોલોજી ફક્ત રિપોર્ટ જોવાનો વિષય નથી, પરંતુ દર્દીને સાંભળવાનો, તપાસવાનો અને વિચારપૂર્વક નિર્ણય લેવાનો વિષય છે.

મેડિસીન એક વિચારસર વ્યવસાય છે, માત્ર પ્રોટોકોલ અનુસરવાની પ્રક્રિયા નથી.

**નૈતિકતા અને જવાબદારીના પ્રશ્નો :**

જો AI ખોટી સલાહ આપે અને દર્દીને નુકસાન થાય તો જવાબદાર કોણ? ડૉક્ટર, હોસ્પિટલ કે સોફ્ટવેર કંપની? આ પ્રશ્નો હજી સ્વચ્છ રીતે ઉકેલાયેલા નથી. AI પાસે માનવસહજ નૈતિક જવાબદારી નથી અને તે પોતાની ભૂલ સમજી કે સમજાવી શકતું નથી.

કેન્સરની સારવાર જીવન બદલનારા નિર્ણયો સાથે જોડાયેલી છે, જેમાં માનવ સંવેદના ખૂબ જરૂરી છે.



**માનવીય સ્પર્શ અનિવાર્ય છે :**

કેન્સર માત્ર શારીરિક રોગ નથી પણ માનસિક અને ભાવનાત્મક પડકાર પણ છે. દર્દી અને ડૉક્ટર વચ્ચેનો વિશ્વાસ સારવારની સફળતા માટે અત્યંત મહત્ત્વનો છે. આશ્વાસન આપવું, સાચી માહિતી સમજાવવી અને આશા જાળવવી - આ બધું AI કરી શકતું નથી.

ઓન્કોલોજીમાં વ્યવહારુ અનુભવનું મહત્ત્વ ભારતના વિવિધ પ્રદેશોનાં ઉદાહરણોથી સ્પષ્ટ રીતે સમજાય છે. ભારતના ઉત્તરપૂર્વ રાજ્યો, ખાસ કરીને આસામ અને આસપાસના વિસ્તારોમાં, ઘણા લોકોમાં લાલ રક્તકણો (RBC) સામાન્ય કરતા મોટા અથવા લંબાયેલા જોવા મળે છે, જેને મેક્રોસાઈટોસિસ અથવા ઓવલ મેક્રોસાઇટસ તરીકે ઓળખવામાં આવે છે. માત્ર કાગળ પર આ પ્રકારના બ્લડ રિપોર્ટ જોવામાં આવે તો તે બોનમેરો ડિસઓર્ડર અથવા બ્લડ કેન્સરની શંકા ઊભી કરી શકે છે. પરંતુ વર્ષોની ક્લિનિકલ પ્રેક્ટિસ ધરાવતા ડૉક્ટરો જાણે છે કે પ્રદેશોમાં આહારની અછત, વિટામીન બી-12 અથવા ફોલેટ ડિફિશિયન્સી અને સ્થાનિક જીવનશૈલીના કારણે આ ઘણી વખત એક સામાન્ય શોધ પણ હોય શકે છે. એ જ રીતે ગુજરાત, ઓડિશા અને મધ્ય ભારતના કેટલાક આદિવાસી વિસ્તારોમાં સિકલ સેલ ટ્રેઈટ પ્રમાણમાં સામાન્ય છે, જે એનિમિયા, થાક અને હાડકાની પીડા જેવા લક્ષણો આપે છે અને ક્યારેક કેન્સર તરીકે ગેરસમજ ઊભી કરે છે. આ સાથે સાથે ગુજરાતના સંદર્ભમાં જો વિચારીએ તો AI ની મર્યાદાઓ વધુ સ્પષ્ટ બને છે. કારણ કે અહીંની મોટી વસ્તી શાકાહારી છે અને માંસાહાર તથા દારૂનું સેવન બહુ ઓછું થાય છે, આહાર, પાચનશક્તિ, મેટાબોલિઝમ અને દવાઓની સાઈડ ઈફેક્ટ્સ પર જીવનશૈલીનો ગાઢ પ્રભાવ પડે છે. જો AI સ્થાનિક સંસ્કૃતિ, આદતો અને બાયોલોજીકલ ખાસિયતોને સમજવામાં નિષ્ફળ જાય, તો તે સાચી રીતે વ્યક્તિગત સારવાર આપવાનું ચૂકી જાય છે. એટલા માટે કેન્સરની સંભાળમાં સ્થાનિક વસ્તીની વિશેષતાઓને સમજતો અનુભવી ડૉક્ટર હંમેશાં AI કરતાં વધુ સચોટ અને વિશ્વસનીય નિર્ણય લઈ શકે છે.

**સહાયક સાધન તરીકે AI, વિકલ્પ તરીકે નહીં:**

AI નો ઉપયોગ સહાયક સાધન તરીકે કરી શકાય - જેમ કે રિપોર્ટ ઝડપથી જોવા અથવા વ્યવસ્થાપનની પ્રક્રિયામાં પરંતુ ડૉક્ટરને બદલી નાખવાનો કે સારવારનો અંતિમ નિર્ણય આપવાનો ભ્રમ ખતરનાક છે. અનુભવ, સમજ અને માનવતા ડિજીટલ બની શકે નહીં.

**નિષ્કર્ષ :**


ઓન્કોલોજીમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ સાવચેતીપૂર્વક થવો જોઈએ. ટેકનોલોજી ડૉક્ટરને મદદરૂપ બની શકે છે પરંતુ તે ડૉક્ટરની જગ્યા લઈ શકે નહીં. કેન્સરની સારવાર વિજ્ઞાન અને કળાનું સંયોજન છે - તે માત્ર ગણિત નથી. AI આપણને મદદ કરશે, પરંતુ નિર્ણય હંમેશા અનુભવી ડૉક્ટર અને દર્દી વચ્ચે જ લેવો જોઈએ.

ડિસ્કલેમરઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને ક્વોલીફાઈડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

# હમારે પાસ ફાલતુ ટાઇમ હૈ ક્યા?

અબીલ ગુલાલ

જયવંત પંડયા




મધ્ય પ્રદેશના છતરપુરમાં એક વિદ્યાર્થિનીએ જે સાહસ બતાવ્યું તે સાહસ ભારતના દરેક નાગરિકે બતાવવા જેવું છે. ખેલ મહોત્સવનું આયોજન હતું અને સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભાજપના સાંસદ V. D. શર્મા હતા. તેઓ નિયત સમય કરતાં ઘણા મોડા આવ્યા. આના લીધે વિદ્યાર્થીઓએ ઘણી પ્રતીક્ષા કરવી પડી.

વિદ્યાર્થીઓને સવારે 9-10 વાગે મેદાનમાં બોલાવી લેવાયા હતા, પરંતુ કાર્યક્રમની શરૂઆત છેક બપોરે 3 વાગે થઈ ! આનું કારણ શર્માજી આટલા મોડા પહોંચ્યા હતા. અને આટલો લાંબો સમય વિદ્યાર્થીઓને ભૂખ્યા રખાયા ! આથી વિદ્યાર્થીઓનું ધૈર્ય ખૂટી ગયું અને એક વિદ્યાર્થિનીથી ન રહેવાયું. ના, તેણે ન તો જૂતું ફેંક્યું, ન તો કોઈ પ્રૉટોકૉલ તોડી તે મંચ તરફ ધસી. જ્યારે શર્મા હરોળબદ્ધ ઊભેલા ખેલાડીઓનો પરિચય કરવા આવ્યા ત્યારે પોતાનો વારો આવતા વિદ્યાર્થિનીએ કહ્યું, "નમસ્તે તો ઠીક હૈ, આપ કે લિએ હમ ઈતની દેર સે ઈંતઝાર કર રહે હૈ. હમારે પાસ ઈતના ફાલતુ ટાઈમ હૈ ક્યા?'

શર્માજી ગુસ્સાથી લાલપીળા થવાના બદલે (ગુસ્સો લાવવાનો તેમને અધિકાર નથી પરંતુ આ તો સત્તાધીશ છે, પોતે ખોટા હોય તો પણ આવી જાય) હસી પડ્યા. પાસે ઊભેલા બીજા નેતાઓ અને વિદ્યાર્થીઓ પણ હસી પડ્યા. અહીં એ પણ સ્પષ્ટતા આવશ્યક છે કે ભૂલ શર્માજીની નહોતી. આયોજકોની હતી. તેમને આયોજકોએ બપોરે 2 વાગે બોલાવ્યા હતા. અને 2 વાગે તેઓ પહોંચી ગયા હતા. અને વિદ્યાર્થીઓને સવારે 10 વાગે બોલાવી લેવાયા હતા. પરંતુ તેમની રમતો ચાલુ થઈ ગઈ હતી અને સંભવતઃ આ રમતો પૂરી થઈ ગઈ પછી વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિ આવે ત્યાં સુધી રોકાવા કહેવાયું હતું. ભલે સાંસદની ભૂલ નથી, આયોજકોની તો છે ને. આયોજકોનું કામ હોય છે આયોજન કરવાનું. તેમણે સવારે 10 વાગે આવેલા ખેલાડીઓને કોઈ હળવો નાસ્તો કે પીણું આપવું જોઈતું હતું અને બપોરે રમત પૂરી થાય પછી ખેલાડીઓને જમાડી લેવા જોઈએ. તે પછી સાંસદનો કાર્યક્રમ રાખવો જોઈએ. આ સાંસદ તો તેમને અપાયેલા નિયત સમયે પહોંચ્યા, પરંતુ ભારતમાં સમયની અપવાદોને બાદ કરતાં કિંમત નથી. એમાંય મુખ્ય અતિથિ હોય તો તો મોડા જ આવવું એવો નિયમ છે. રાજકારણી મુખ્ય અતિથિ હોય તો તેમની સાથે ચમચાઓની સેના હોય છે જે સૂત્રોચ્ચાર કરતા-કરતા આવશે. જો કોઈ સમયસર અથવા સમય કરતાં થોડા વહેલા આવી જાય તો તે નવરા છે તેમ માની લેવામાં આવે છે.

> **મધ્ય પ્રદેશમાં આયોજકોની ગડબડના કારણે એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ મોડા પહોંચ્યા. આથી એક વિદ્યાર્થિનીએ સાંસદને સંભળાવી દીધું, "હમારે પાસ ફાલતુ ટાઇમ હૈ ક્યા?"**

આયોજકોના આયોજનની વાત તો કરવા જેવી નથી. હવે તો ઘણા કાર્યક્રમોમાં પત્રિકામાં લખાય તે સમય કરતાં કાર્યક્રમ અડધી કલાક - એક કલાક મોડો શરૂ થવાની પરંપરા થઈ ગઈ છે. આમંત્રિત દર્શકોને વહેલા સમય આપવાનો કારણ કે તેઓ નિયત સમય કરતાં મોડા આવે તો આયોજકોએ ધારેલા સમયે કાર્યક્રમ શરૂ કરી શકાય, પરંતુ આમાં મરો જે લોકો સમયસર જવામાં માનતા હોય તેમનો થાય છે. થોડા વખત પહેલાં એક 4 દિવસીય પરિસંવાદ હતો. તેમાં સમય 5 વાગ્યાનો લખાયેલો હતો. એટલે ધારી લઈએ કે આમંત્રિતો મોડા આવે તો પણ 6 વાગે તો કાર્યક્રમ શરૂ થાય. પરંતુ એક દિવસે કાર્યક્રમ 6:30એ શરૂ થયો અને બીજા દિવસે 7 વાગે. 5 વાગ્યાથી મોડા પડનારા દર્શકોને પણ એક કલાક જેટલું બેસી રહેવું પડ્યું. એમાંય પાછું સંસ્થાના પરિચયનો એક ને એક વિડિયો વગાડી માથું દુઃખાડાયું. આવા સમયે દર્શકોને જોડાયેલા રાખવા કોઈ બીજા વક્તાને મંચ પર બોલાવી શકાય, કોઈ ગાયક પાસે ગીત ગવડાવી શકાય, કોઈ રમૂજો કરાવી શકાય તેવું ત્વરિત આયોજન પણ આયોજકોને સ્ફૂરવું જોઈએ તે નથી સ્ફૂરતું. ફિલ્મમાં ગીત પણ પાછા એવા બને છે, 'થોડા ઈંતઝાર કા મઝા લીજિએ.' પરંતુ ક્યારેક 'ઈંતેહા હો ગઈ ઈંતઝાર કી' જેવું પણ થાય. અને આવું થાય ત્યારે આ વિદ્યાર્થિનીનો ગુસ્સો ફૂટી નીકળ્યો તેવું થાય. રેલવેની ટ્રેનો હવે તો લગભગ સમયસર દોડે છે, પરંતુ ઘણી વાર મોડી પડે તો તેનું નુકસાન ગ્રાહકોને આપવામાં આવે છે?

ઇંડિગો વિમાન સેવાની તો કેટલી બધી ઉડાનો નિરસ્ત થઈ, કેટલીયે અનહદ મોડી પડી. એમાંય નિયમ છે કે જો નિરસ્ત થાય તો ગ્રાહકને હૉટલમાં ઉતારો આપવો પડે. એ ન કરવું પડે એટલે એક કલાક મોડી છે તેમ કરી-કરીને ખેંચી લેવામાં આવે. જનતા અને ગ્રાહક એ બંનેની ભારતમાં કોઈ કિંમત નથી. 'આટલું તો કરવું પડે', 'આટલું તો સહન કરવું પડે' તેવી માન્યતા ઘર કરી ગઈ છે. સમયસર ન પહોંચવા બાબતે, અમારા એક મિત્ર નીલેશ ધોળકિયા સદા કહેતા હોય છે, "કોઈ વ્યક્તિ બસ, ટ્રેન કે ફ્લાઈટ પકડવાની હોય ત્યારે મોડો પહોંચે છે?" ઉત્તર છે, "ના. કારણકે બસ, ટ્રેન અને ફ્લાઈટ કોઈ માટે રાહ નથી જોતા. તો પછી કાર્યક્રમમાં આવનારા મુખ્ય અતિથિથી માંડીને ઘર કે ઑફિસમાં મળવા આવનારા અતિથિઓ કેમ મોડા પડે છે? મોડા પડે છે તે તો ઠીક, પરંતુ તેઓ કોઈ જાણ પણ કરતા નથી હોતા કે આટલું મોડું થશે કે નહીં આવી શકાય. એક ભાઈને નોકરી બદલવી હતી. તેઓ રાજકોટ રહે. તેમને અમદાવાદમાં નોકરી મેળવવી હતી. તેમના એક પરિચિત એવા ભાઈ જે મોટા પદ પર હતા તેમણે પોતાના મેનેજરને કહી, રાજકોટવાળા ભાઈનો વીક ઑફ હતો તે દિવસે મેનેજર સાથે ઈન્ટરવ્યૂ ગોઠવી આપ્યો. એ દિવસે મેનેજરથી માંડીને અમદાવાદમાં બૉસ એવા ભાઈ રાહ જોતા રહ્યા. પેલા રાજકોટવાળા ભાઈ આવ્યા જ નહીં. તે તો ઠીક, પણ કોઈ જાણ પણ નહીં. એક દિવસ ગયો. બૉસથી રહેવાયું નહીં. તેમણે પેલા રાજકોટવાળા ભાઈને અંતે ફૉન કર્યો. તો રાજકોટવાળા ભાઈએ કોઈક બહાનું સંભળાવ્યું. બૉસ કહે, "પણ અહીં મેં મેનેજરની એપૉઈન્ટમેન્ટ લીધી હતી તો તારે પહેલાં જાણ તો કરવી હતી." બૉસ સરળ હતા. તેમણે પેલા રાજકોટવાળા મિત્રના વીક ઑફે મુલાકાત ગોઠવી આપી તેને રાજકોટવાળા ભાઈએ એવું સમજી લીધું કે અહીં તો ગમે ત્યારે જઈશું, ચાલશે.

લગ્ન સમારંભમાં પણ આવું થાય છે. કોણ આવશે અને કોણ નહીં આવે તેની પાકા પાયે જાણ સગાવહાલા કરતા નથી. પરિણામે આયોજકને ઘણી વાર ભોજન પડ્યું રહે, ખુરશીઓ ખાલી પડી રહે તેવું થાય છે. જે લોકો સમયનું માન નથી જાળવતા, સમય તેમનું માન નથી જાળવતો. રાજેશ ખન્ના, શત્રુઘ્નસિંહા જેવા અભિનેતાઓ સદા મોડા સ્ટેજ પર આવતા હતા, પરિણામે તેઓ તેમની ઉત્તરાર્ધની કારકિર્દીમાં ફેંકાઈ ગયા. જ્યારે અમિતાભ બચ્ચન અને જિતેન્દ્રએ સદા સમયનું માન જાળવ્યું. તેઓ લાંબી ઈનિંગ્સ ખેલી શક્યા.

# શશી થરૂરનું સ્ત્રી દાક્ષિણ્ય સરાહનીય છે, પણ....

મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણાઈએ છીએ. અમેરિકા શ્રેષ્ઠ લોકશાહી તરીકેની માન્યતા ધરાવે છે. લોકશાહીમાં 'લોક' સૌથી મોટી તાકાત છે. લોકપ્રતિનિધિઓ લોકો દ્વારા ચૂંટાય છે એટલે દેખીતી રીતે એ 'નેતા' જેવા આદરસૂચક શબ્દથી સંબોધતા રહે છે. છેક ગ્રામ સ્તરના અદના લોકસેવકથી લઈ સુભાષ ચંદ્ર બોઝ જેવા મહાન રાષ્ટ્રપુરુષ માટે 'નેતા' શબ્દ વપરાતો રહે છે. ઉત્તર પ્રદેશના લોકપ્રિય સમાજવાદી મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવને એમના ચાહકો જ નહીં, વિરોધી વિચારધારા ધરાવતા લોકો પણ નેતાજી કહીને જ બોલાવતા હતા. નેતા શબ્દનો અર્થ છે દોરનાર. એ પ્રજાને 'દોરે' છે અર્થાત્ એને સાચો(જોકે એમને અનુકૂળ હોય એને જ એ સાચો ગણી લેતા હોય છે)રસ્તો બતાવે છે. । ગાંધીજીમાં આદર્શ નેતામાં હોવા જોઈએ એ તમામ ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા હતા. પ્રજા પણ પોતાને દોરવણી આપી શકે એવા નેતાને પારખી લેતી હોય છે. સ્ત્રીની જેમ એને પણ છઠ્ઠી ઈન્દ્રિય હોય છે. શશી થરૂર સામ્યવાદી પક્ષના ગઢ સમાન કેરળમાંથી સામ્યવાદી પાર્ટીના ઉમેદવારને હરાવીને કોંગ્રેસની ટિકિટ પર સંસદની ચૂંટણી જીતતા આવ્યા છે. એમાં એમની વિદ્વત્તા અને લોકપ્રિયતા બેઉ એકબીજાને પૂરક બની રહે છે. પોતાની આગવી કરિશ્મા, ગરિમા અને ગુણવત્તાના બળે એ પાર્ટીના તથાકથિત હાઈકમાન્ડની સંકુચિત લક્ષ્મણરેખા પણ ઓળંગતા રહ્યા છે. દાખલા તરીકે તેઓ સોનિયા ગાંધીની અર્થાત્ કોંગ્રેસ હાઈકમાન્ડની ઈચ્છા વિરુદ્ધ પક્ષપ્રમુખ માટેની સ્પર્ધામાં- હારવાની ખાતરી હતી છતાં-સિનિયર નેતા મલ્લિકાર્જુન ખડગે સામે ચૂંટણી પણ લડ્યા હતા. હારવાની ખાતરી હતી છતાં ઉમેદવારી પાછી નહોતી ખેંચી. એમને જ્યાં કેન્દ્ર સરકારની કામગીરી પ્રશંસાપાત્ર લાગે ત્યાં એનું સમર્થન કરવામાં પણ પાર્ટીનું બંધન કે કૂટનીતિ નડતી નથી. એથી કેન્દ્ર સરકાર પણ એમને વિદેશ જતાં પ્રતિનિધિ મંડળમાં સન્માનજનક સ્થાન આપે છે અને વિદેશી રાષ્ટ્રપતિના માનમાં યોજાતા ડિનરમાં નિમંત્રણ પાઠવે છે. પરંતુ શશી થરૂર એમની પ્રગતિશીલ અને આધુનિક માનવતાવાદી વિચારધારાને કારણે શાસક પક્ષના કે સરકારના આંધળા ટેકેદાર ક્યારેય બની શકે એમ નથી. એમણે સંસદના ચાલુ સત્રમાં મહિલાઓને ન્યાય અપાવવા એક અંગત પ્રસ્તાવ રજૂ કરીને ન્યાયપાલિકાને પણ પડકારી છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એક પવિત્ર 'બંધન' છે અને એમાં બંધાયેલી સ્ત્રી ભલે ગૃહલક્ષ્મી જેવાં માનપાન મેળવવાની હકદાર બને પરંતુ સાથે જ આપોઆપ એના પતિ માટે કામવાસના સંતોષવાનું રમકડું બની જાય છે. એથી વ્યભિચારને ગુનાની કેટેગરીમાંથી બહાર કાઢ્યા પછી પણ ન્યાયપાલિકાને સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ એની સાથે ભોગ ભોગવતા પતિ પર બળાત્કારનો આરોપ લગાવવામાં રસ નથી. શશી થરૂર આ મુદ્દે સ્ત્રીઓની તરફેણમાં એક અંગત બિલ લાવ્યા છે. પતિ થઈ ગયો એટલે પુરુષ માટે પત્ની એની મરજી મુજબ વાપરવાની આઈટમ બની જતી નથી. શશી થરૂરના આ પ્રાઈવેટ બિલને સમગ્ર હાઉસનું એકી અવાજે સમર્થન મળવું જોઈએ કે નહીં? જોકે મળવાની શક્યતા ઓછી છે છતાં દેશના સૌથી રૂપાળા સાંસદને આવા ટકોરાબંધ સ્ત્રીદાક્ષિણ્ય બદલ જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં જ ગણાશે. એ પણ સાચું કે જાહેરમાં કશું નહીં બોલે છતાં યુગોથી પત્નીને મોજમજા માટે ટેકન ફોર ગ્રાન્ટેડ માનતા રહેલા પુરુષસમુદાયની આંખમાં આ કેરળનો કનૈયો કણાની જેમ ખૂંચે તો નવાઈ નહીં! ઉચ્ચ શૈક્ષણિક લાયકાત, યુનો જેવી સંસ્થા સાથેની મહત્ત્વાકાંક્ષી કારકિર્દી, બે બાળકો ધરાવતાં ધર્મપત્ની સાથે છૂટાછેડા, છેલ્લાં પત્ની સુનંદા પુષ્કરનું શંકાસ્પદ હાલતમાં નિધન, એ સંદર્ભે ચોરે ને ચૌટે ફેલાયેલી વ્યાપક ગેરસમજ અને શંકાકુશંકા, અદાલતોના આંટાફેરા, રાજકીય ક્ષેત્રે પાર્ટી લાઈન બહારના હૂંફાળા સંબંધ વગેરે એમને આદર્શ નહીં તો પણ એક વિશિષ્ટ બૌદ્ધિક ક્ષમતા ધરાવતા



વિચક્ષણ આંતરરાષ્ટ્રીય રાજકારણી તરીકે તો સ્થાપિત કરે જ છે.

એમના આ પ્રાઈવેટ પ્રસ્તાવને કોનું અને કેટલું અનુમોદન મળશે, એ સંસદના આ સત્ર દરમિયાન ચર્ચાશે કે કચરાટોપલીમાં પધરાવી દેવાશે એની સાથે આપણે કોઈ સંબંધ નથી. બિલ પસાર થઈ ગયા પછી પણ સમાજની માનસિકતા થોડી બદલાઈ જવાની છે? અદાલતો પણ પરંપરાગત ભારતીય સમાજમાં પતિપત્નીના સંબંધોની લક્ષ્મણરેખાઓ વિશે સુવિદિત છે એટલે જ કદાચ એ પતિના અધિકારને પડકારતાં અચકાતી હશે. પરણીને સ્ત્રી પતિગૃહે આવે છે ત્યારે એ એના આનંદપ્રમોદ અને વંશવિસ્તારની વણલખી શરતો સ્વીકારીને તો આવે છે. બલકે શાસ્ત્રો તો એને દરેક બાબતમાં પતિને સમર્પિત અને પૂરક બની સંસારસુખ ભોગવી ઘરને સ્વર્ગ બનાવવાની શીખ અને દસ પુત્રો પેદા કરવાના આશીર્વાદ આપે છે. સપ્તપદીના સાત ફેરા ફરીને એ પતિને પરમેશ્વર સમાન ગણવા સહમત થઈ જાય છે. એ માતાપિતાની છત્રછાયા છોડી પતિની આજ્ઞામાં રહેવા માટે અને યૌન અને યૌવનનો સહોપભોગ કરવા માટે તો આવી છે. પછી કોઈ અધિકાર જ ક્યાં રહે છે પોતાની ઈચ્છા મુજબના યૌન વ્યવહારનો? પતિની ઈચ્છા જ એના માટે સર્વોપરિ બની જાય છે. ભારતીય સંસ્કૃતિમાં જ આવી આજ્ઞા હોય ત્યાં અદાલત શું કરે! અને શશી થરૂર કદાચ એમના સત્તાધારી પક્ષ સાથેના સંબંધો કામે લગાડી આ ખરડો પસાર કરાવી પણ દે તો શું એ મુસ્લિમ મહિલાઓને મદદરૂપ થઈ શકશે? કારણ કે ત્યાં તો ધર્મના નામે લદાયેલી હલાલા સુધીની ક્રૂર અને અમાનુષી પરંપરાઓ અને બંધનો છે. સ્ત્રીની ઈચ્છાની કે સહમતીનો સવાલ જ ક્યાં રહે છે!

> **એમના આ પ્રાઈવેટ પ્રસ્તાવને કોનું અને કેટલું અનુમોદન મળશે, એ સંસદના આ સત્ર દરમિયાન ચર્ચાશે કે કચરાટોપલીમાં પધરાવી દેવાશે એની સાથે આપણે કોઇ સંબંધ નથી. બિલ પસાર થઇ ગયા પછી પણ સમાજની માનસિકતા થોડી બદલાઇ જવાની છે?**

અમેરિકામાં મૂળ ગુજરાતી ઓળખ ધરાવતા કાશ પટેલ પણ આપણે ગૌરવ લઈ શકીએ એવું -ટ્રમ્પ સરકારની ગુપ્તચર એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના વડા જેવું અગત્યનું પદ સંભાળે છે. પરંતુ એ પણ આખરે તો મીણમાટીના પિંડ છે. અંગત મૈત્રી સંદર્ભે જીવનવ્યવહારમાં જરા જુદી રીતે પણ એ શશી થરૂર જેવી જ ભૂલ કરી બેઠા છે. આખી દુનિયાની જાસૂસી કરનાર ભાયડો પંડની ગોપનીયતા ચોરે ને ચૌટે ચર્ચાય એવું પરાક્રમ કરી બેઠો છે. કાનની બૂટ પકડી કબૂલ કરવું પડે કે વિધાતાએ સ્ત્રીમાં કશુંક એવું તિલસ્મી તત્ત્વ મૂકી આપેલ છે જે ભણેલાને ભૂલવે છે. એવું છેક આદિ અનાદિકાળથી બનતું આવ્યું છે. શાન્તનુ ગંગા પર મોહિત થઈ જાય છે, પરાશર મુનિ મત્સ્યગંધા પર વારી જાય છે અને ગંગા સાથે 'છૂટાછેડા' થયા બાદ પાછા શાન્તનુ એ જ મત્સ્યગંધાને એની શરતોએ પટરાણી બનાવે છે. ફક્ત નામ બદલાય છેઃ તૃપ્ત થયેલા ઋષિના વરદાનને લીધે માછલીની ગંધથી મુક્ત થયેલી અક્ષતયોનિ રૂપસુંદરી હવે પછી કુરુવંશની રાજમાતા સત્યવતી નામે ઓળખાય છે.

જોકે આજકાલ તો આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ સંન્યાસ ધારણ કરનારા સાધુસંતોને અને કેટલાક નેતાઓને પણ ધર્મ રક્ષાર્થે હિન્દુ પ્રજા ત્રણ ચાર સંતાનો પેદા કરે એવી અપીલ કરવામાં ગૌરવ વરતાય છે બલકે એમને એવી અપીલ કરવાની ધાર્મિક ફરજ લાગે છે. બનવાજોગ છે કે આગામી વર્ષોમાં સ્ત્રી પર ભારતીય પુરુષ અધિકારપૂર્વક પોતાની પવિત્ર રાષ્ટ્રીય ફરજ સમજીને સેક્સનું પ્રેશર લાદવા લાગે! એને તો પછી ધર્માજ્ઞાનો જ હવાલો આપવાનો રહેશેને! રાષ્ટ્રીય ફરજ બજાવતી વખતે પત્નીની સહમતી થોડી લેવાની હોય! એ તો એક જ દલીલ કરશેઃ વહાલી, તને ખબર હોવી જોઈએ કે આપણે દેશ અને ધર્મના ભવિષ્યની સુરક્ષા માટે ઓછામાં ઓછાં ત્રણ સંતાન ફરજિયાત પેદા કરવાનાં છે! યાદ આવે છે એ દિવસો જ્યારે આપણાં આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં નસબંધીના 'પ્રતિષ્ઠા કેમ્પો' યોજાતા હતા. ઈન્સેન્ટિવ અંકે કરવા પટાવાળાથી માંડી સિવિલ સર્જન સુધીનો સ્ટાફ જ્યાંથી જડે ત્યાંથી પકડી પકડીને બલિના બકરા કે બકરીઓ ભેગી કરતા હતા! આ લખનારને એનો જાત અનુભવ છે કારણકે એ ડોક્ટર તરીકેની ફરજ બજાવતાં બજાવતાં લેખક બની ગયો હતો!